# બે ઘાયલ યુવાનને જોઈ મુખ્યમંત્રીએ કાફલો થોભાવ્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરથી અમદાવાદ તરફ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો કાફલો જઈ રહ્યો હતો. તે દરમિયાન માર્ગ અકસ્માતમાં બે વ્યકિતઓને ઈજા પામેલી હાલતમાં જોયા હતા. મુખ્યમંત્રીએ તાત્કાલીક ગાડીઓ રોકાવી સાઈડમાં કરીને સ્ટાફને ૧૦૮ બોલાવવા સુચના આપી હતી. ત્યારે ૧૦૮ તુરંત આવી જતા બંન્ને ઘાયલ દર્દીઓને ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ મુખ્યમંત્રીનો કાફલો રવાના થયો હતો. જયારે એક વ્યકિતને માથાના ભાગે તેમજ અન્ય દર્દી યુવાનને મોં પર ઈજા પહોંચી હોવાથી ગાંધીનગર સિવિલ દ્વારા પ્રાથમિક સારવાર આપ્યા બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને રીફર કરવામાં આવ્યા હતા.

# કોર્ટ સંકુલમાં જ બે મહિલા વકીલો બાખડી પડી...!

### ટેબલ મૂકવા બાબતે થયેલી માથાકૂટ પોલીસ સ્ટેશને પહોંચી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર કોર્ટમાં આજે બે મહિલા વકીલો સાવ નજીવી બાબતે સામસામે આવી ગઈ હતી. કોર્ટ સંકુલમાં પોતાના ટેબલ મૂકવા જેવી બાબત પર માથાકૂટ શરૂ થયા અને બંને મહિલા વકીલોએ સામસામે બાંયો ચડાવી હતી. આ મામલો આખરે સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો. જો કે મોડી સાંજ સુધી આ મામલે કોઈ ફરિયાદ દાખલ થવા પામી ન હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગાંધીનગર કોર્ટમાં સેવા આપતી એક મહિલા વકીલ ને કોર્ટ સંકુલમાં પોતાના બે ટેબલ હતા. બીજી મહિલા વકીલે પોતાનું ટેબલ ત્યાં ગોઠવી દેતા મામલો બિચક્યો હતો. બંને મહિલા વકીલ વચ્ચે જાહેરમાં ઉગ્ર બોલાચાલી શરૂ થઈ ગઈ હતી અને કોર્ટ સંકુલમાં જ બંને મહિલા વકીલો બાખડી પડી હતી. આખરે આ મામલો સેકટર-૭ પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. બંને પક્ષે સમજાવવાના પ્રયાસો શરૂ થયા હતા. જો કે આ મામલે મોડી સાંજ સુધી ફરિયાદ દાખલ થઈ ન હતી. આ ઘટના દિવસ પર કોર્ટ સંકુલમાં ચર્ચાસ્પદ બની રહી હતી.

# ચરેડી છાપરા ખાતે બાળ સુરક્ષા-બાળમજુરી અંગે લોક જાગૃતિ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

૧૨મી જૂન વિશ્વ બાળ મજૂરી વિરોધી દિનના ઉપલક્ષમાં ગાંધીનગર જિલ્લા બાળ સુરક્ષા એકમ અને સાબરમતી સમૃધ્ધ સેવા સંઘ દ્વારા ચરેડી છાપરા ખાતે બાળ મજુરી કાયદા અંગે જાગૃતિ શિબિર યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં શ્રમજીવી પરિવારના લાભાર્થીઓ જોડાયા હતા.

ચરેડી છાપરા ખાતે આયોજીત આ કાર્યક્રમમાં ચાઈલ્ડ લાઈન કો ઓર્ડિનેટર નીતીનભાઈ, બાળ સુરક્ષા કર્મચારી પીન્કી રાવલ અને ગાયત્રીબેન હાજર રહ્યા હતા અને ૧૪૪ લાભાર્થીઓને બાળઅધિકારો, બાળ મજુરી કાયદા, પાલક માતા-પિતા યોજના, બાળલગ્ન દિવ્યાંગ સાધન સહાય અને ૧૦૯૮ ટોલ ફ્રી નંબર અંગે વિગતે લાભાર્થીઓને માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત જુએનાઈલ જસ્ટિસ એકટ વિશે પણ માતા પિતાને માહિતી આપવામાં આવી હતી. જયારે આ શ્રમિક પરીવારને થતી સમસ્યા બાબતે પણ તેમના પ્રશ્નો માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ચાઈલ્ડ લાઈન સંસ્થા અને બાળસુરક્ષા એકમના અધિકારી કર્મચારી હાજર રહ્યા હતા.

# સોશિયલ મીડિયા પર 'મોગલ મા' વિરૂધ્ધ અભદ્ર ટિપ્પણી મામલે ચારણ-ગઢવી સમાજમાં રોષ

ગાંધીનગર, તા.૧૨

ચારણ-ગઢવી સમાજના પુજનીય મોગલ મા વિશે ગયા સપ્તાહે ફેસબુક પર અભદ્ર ટીપ્પણીઓ કરવામાં આવી હતી.



સમાજના સભ્યોની ધાર્મિક આસ્થા અને લાગણી દુભાતા તેઓએ આ બાબતે ગાંધીનગર કલેકટરને આવેનદપત્ર આપ્યું છે. તેમજ મોગલ સેના દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ફેસબુકના માધ્યમથી ચલાવાતા ગ્રુપ 'અપના અડ્ડા'માં મોગલ મા વિશે અભદ્ર ટિપ્પણીઓ કરવામાં આવતા મોગલ સેના રોષે ભરાઈ હતી. મોગલ સેનાનું માનવું છે કે આવા અસામાજીક તત્વો દ્વારા બે સમાજમાં અંદરોઅંદર ઝઘડા કરાવવા અને વર્ગ વિગ્રહ ઉભો કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. તેઓનું કહેવું છે કે, જો આવા તત્વોને અત્યારથી નહીં રોકવામાં આવે તો ભવિષ્યની પેઢીને નુકશાન થઈ શકે છે.

મોગલ સેનાએ કલેકટરને આવેદનપત્ર આપતાં જણાવ્યું છે કે ગુજરાત રાજયની હાલની પરિસ્થિતિ જોતાં તાત્કાલિક અસરથી ગુનેગારોને ઝડપી કાયદા પ્રમાણે કડક સજા કરવામાં આવે. આ ઉપરાંત સાત દિવસમાં કોઈ નકકર પગલાં ભરવામાં નહીં આવે તો મોગલસેના દ્વારા ઉગ્ર આંદોલન પણ કરવામાં આવશે. રાજપૂત યુવા વિકાસ પરિષદ દ્વારા મોગલ સેનાને સંપૂર્ણ ટેકો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# પેથાપુર પાસે કૈલાસધામ સામે હિટ એન્ડ રન

### રસ્તો ક્રોસ કરતી પેથાપુરની મહિલાને અડફેટે લઈ અજાણ્યો ડમ્પર ચાલક ફરાર

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક પેથાપુર પાસે આવેલા કૈલાશધામ સામેનો રસ્તો ઓળંગી રહેલી પેથાપુરની મહિલાને સડસડાટ જતાં અજાણ્યા ડમ્પરચાલકે અડફેટે લઈ લેતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નીપજયું હતું. મહિલાને મોતને ઘાટ ઉતારી ડમ્પર ચાલક ડમ્પર સાથે ત્યાંથી ફરાર થઈ ગયો હતો. પેથાપુર પોલીસને ઘટનાની જાણ થતા આ મામલે અજાણ્યા ડમ્પર ચાલક સામે ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પેથાપુર ખાતે કાંતિજીના ખેતરમાં રહેતી શ્રમજીવી મહિલા સવિતાબેન મુકેશભાઈ તંબોળિયા રવિવારે સાંજે પેથાપુર મહુડી રોડ ઉપર આવેલા કૈલાશધામ પાસે ગયા હતા અને ત્યાંથી રસ્તો ક્રોસ કરી રહ્યા હતા તે દરમિયાન બેફામ ગતિએ ધસમસતી આવતી ડમ્પરે મહિલાને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી દીધી હતી. ડમ્પર નીચે ચગદાઈ જતાં સવિતાબેનનું સ્થળ પર જ પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. કૈલાશ ગામના વળાંક પાસે બનેલી આ ઘટના મામલે પેથાપુર પોલીસને જાણ થતા પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને સવિતાબેનનો મૃતદેહ પીએમ માટે મોકલી અજાણ્યા ડમ્પર ચાલક સામે ગુનો દાખલ કરી આરોપી ડ્રાઈવરની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે. પોલીસને ડમ્પરનો નંબર મળી ગયો હોવાથી તેના માલિક સુધી પહોંચી અને આરોપી ડ્રાઈવરને પકડવામાં સરળતા રહેશે તેમ પોલીસ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.



## રિઅર એડમિરલ સંજય રોય રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

રિઅર એડમિરલ સંજય રૉય ફલેગ ઓફિસર કમાન્ડીંગ, ગુજરાત નેવલ એરિયા, ભારતીય નૌ સેના, પોરબંદરે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે કોમોડોર શ્રી કલ્પેશ રાવલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશન દ્વારા ઓપન કેટેગરીમાં ચેસ સ્પર્ધા યોજાઈ

### સ્વ.ઈશાન સુભાષભાઈ દવે મેમોરીયલ ચતુર્થ ચેસ ટુર્નામેન્ટમાં ૧૭૭ સ્પર્ધકોએ ભાગ લીધો

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસીએશન દ્વારા તા.૯ અને ૧૦ જુન દરમિયાન સ્વ. ઈશાન સુભાષભાઈ દવે મેમોરીયલ ચતુર્થ ઓપન ચેસ ટુનાર્મેન્ટનું આયોજન જુના સચિવાલય કેન્ટીન ખાતે



કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય સિનિયર ખેલાડીઓની ચેસની ઓપન સ્પર્ધા (ભાઈ-બહેનો) યોજાઈ હતી. જેમાં તમામ કેટેગરીમાં કુલ ૧૭૭ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

ગાંધીનગર જિલ્લા ચેસ ટુનાર્મેન્ટ દ્વારા આયોજીત ચતુર્થ ચેસ ટુનામેન્ટ ભારે રસાકસી અને રોમાંચક સ્પર્ધાના અંતે ઓપન ચેસ ટુર્નામેન્ટમાં મહેસાણાના કરણ ત્રિવેદી ઓપન કેટેગરીમાં ચેમ્પીયન બન્યા હતા. જયારે બીજા ક્રમાકે મૌલિક રાવલ અને ત્રીજા ક્રમે રૂદ્ર એસ.પાઠક ગાંધીનગર તેમજ ચોથા ક્રમે શૈલેષભાઈ રાવલ, તેમજ પાંચમા ક્રમે કર્તવ્ય અનડકટ, છઠ્ઠા ક્રમે અરવિંદ વેંકટેશ તેમજ સાતમા ક્રમે જીગ્નેશ ધનેશા વિજેતા બન્યા હતા.

જયારે જુનિયર વિભાગમાં અંડર-૧૬માં પ્રથમ ક્રમે વંશ અડાલજા ચેમ્પીયન બન્યો છે. દ્રિતિય ક્રમે હેત આર. શાહ, તૃતિયક્રમે હર્ષવર્ધન રાજાવત, ચોથાક્રમે સ્વસ્તિક પટેલ, અને પાંચમા ક્રમે જેનીલ પી. પ્રજાપતિ વિજેતા બન્યા છે. તેવી જ રીતે અંડર-૧૩માં પ્રથમ ક્રમે સમર્થ અડાલજા ચેમ્પીયન બન્યો છે.જયારે બીજા ક્રમે હેતવ પટેલ, તૃતિય સ્થાને આર્ય.એચ. ઉપાધ્યાય, ચોથાક્રમે ક્રિશ સુતરીયા, તેમજે પાંચમા ક્રમે યક્ષ સોલંકી વિજેતા બન્યા હતા. જયારે અંડર-૯માં અયાન શેટ્ટીયાર પ્રથમક્રમે તેમજ બીજાક્રમે શ્રીકાંત દવે, ત્રીજા સ્થાને કેવલ ચીતારા, ચોથા ક્રમે પ્રિયદર્શી શૈશીલ તથા પાંચમા ક્રમે વૈદીશ પટેલ વિજેતા બન્યા છે. સિનિયર વિભાગમાં રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર, તેમજ જુનિયર વિભાગમાં ટ્રોફી, રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર જયારે ભાગ લીધેલા તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ટુર્નામેન્ટ સમારોહ પ્રસંગે ટુર્નામેન્ટના પ્રણેતા સુભાષભાઈ દવે, પંકજભાઈ પંચોલી નેશનલ આર્બીટર, નાનજીભાઈ સાતુનીયા પ્રમુખ, શૈલેષ નાયક સેક્રેટરી, ખજાનચી અશ્વિન પટેલ, નાગેશ્વર દિક્ષિત ઉપપ્રમુખ, ગૌતમભાઈ વાણીયા ઉપપ્રમુખ, રામદેવસિંહ ઝાલા, વાસુદેવભાઈ રાંદેરીયા, સપ્તલભાઈ પાઠક, તેમજ શહેરના ચેસ પ્રેમીઓ, વાલીઓ અને રાજયભરમાંથી આવેલા ચેસના જાણીતા ખેલાડીઓ અને કોચ દ્વારા ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

# મત્સ્યોદ્યોગ ખાતાની મંડળીના કારોબારી સભ્યોની વરણી થઈ

ગાંધીનગર, તા.૧૨

મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. ગાંધીનગરના હોદ્દેદારોની બેઠક મળી હતી. બેઠકમાં મંડળના કારોબારી સભ્યોની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. મંડળીના પ્રમુખ તરીકે પ્રદ્યુમનસિંહ કે. વાઘેલાની સતત ૧૩મી વાર બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

મંડળીના મંત્રી તરીકે કે.યુ. પટેલ, ઉપપ્રમુખ તરીકે ટી.વી. ચૌધરી, ખજાનચી તરીકે બી.એમ. મામ્પીલ્લી તથા સહમંત્રી તરીકે વાય.બી. પુવારની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત કારોબારી સભ્યો તરીકે પી.સી. મોદી, દિપક આર. પટેલ, એ.એલ. તેજલાણી, એમ.પી. પરમાર, હાર્દિક એન. આદ્રેજા, પી.સી. સોલંકીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી દ્વારા બાળગૃહના બાળકો માટે મનાલીમાં કેમ્પ

### ૧૫ દિવસ માટે ૧૪૭ બાળકો વિવિધ સાહસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેશે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી દ્વારા સરકારી બાળગૃહમાં રહેતા બાળકો માટે



હીમાચલ પ્રદેશના મનાલીમાં સાહસિક તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૫ દિવસ ૧૪૭ બાળકો વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લઈ રહ્યા છે.

ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટીએ તા. ૫ થી ૨૦ જૂન દરમિયાન જુદા જુદા બે તબક્કામાં બાળકોને ટ્રેનમાં મનાલી જવા લીલી ઝંડી આપી હતી. આ બાળકો શિબિરમાં જોગણી વોટર ફોલ્સ, હિડિમ્બા ટેમ્પલ, વશિષ્ઠ તથા મનુ ટેમ્પલ, મોનેસ્ટ્રી, સ્નો, ભ્રીગુ લેક, મનાલી જેવી જગ્યાએ પર્વતારોહણની પ્રવૃત્તિ કરશે. ઉપરાંત બાળકો રીપલીંગ, ઝીપ લાઈન, રીવર ક્રોસીંગ, કેમ્પ ફાયર જેવી પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેશે જયારે નેતૃત્વ જીવન કૌશલ્ય, હકારાત્મક વિચારશૈલી વિષયોની માહિતી આપવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મુખ્ય કારોબારી અધિકારી અને નિયામક સમાજ સુરક્ષા કે.કે. કાપડીયાના નેતૃત્વમાં કરવામાં આવ્યું છે.

# કૈલાસ-માનસરોવરના યાત્રીઓનો અભિવાદન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

કૈલાસ-માનસરોવરની યાત્રા પવિત્ર અને ખૂબ મહત્વની આધ્યાત્મિક ઊર્જાનું કેન્દ્ર માનવામાં આવે છે અને આ યાત્રા પ્રમાણમાં વિકટ પણ છે. ગાંધીનગરની કૈલાસ



માનસરોવર સેવા સમિતિ આયોજિત સમારંભમાં શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ, દક્ષિણ ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર મહેમાનપદે ઉપસ્થિત રહ્યાં હતા અને યાત્રીઓનું અભિવાદન કર્યુ હતુ. શંભુજી ઠાકોરે દરેક યાત્રીઓનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ. આ પ્રસંગે ગાંધીનગરના એડવોકેટ શંકરસિંહ ગોહિલે પણ યાત્રીઓનું અભિવાદન કર્યુ હતુ.

કાર્યક્રમના પ્રારંભે કૈલાસયાત્રી મહિલાઓ વર્ષા દવે, સુધા શુકલ, કાંતાબેન પટેલ વગેરે દ્વારા પ્રાર્થના-શિવસ્તુતિ પ્રસ્તુત કરાયા હતા. સમિતિના પ્રમુખ ક્રિશ્નકુમાર રાણાએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ અને સમિતિનો પરિચય આપ્યો હતો. પૂર્વ સનદી અધિકારી તથા કૈલાસયાત્રી એચ.બી. વરિયાએ કૈલાસ માનસરોવર, તિબેટ વગેરે અંગે આધ્યાત્મિક અને રસપ્રદ માહિતી પુરી પાડી હતી. કાર્યક્રમમાં દરેક યાત્રીઓ માટે મેડીકલ ચેકઅપની સુવિધા પુરી પડાઈ હતી તથા તેમને યાત્રા સંબંધી જરૂરી માર્ગદર્શન અપાયુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રજ્ઞાબેન પટેલે કર્યુ હતુ જ્યારે મગનભાઈ પટેલે આભાર દર્શન વ્યકત કર્યુ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સમિતિના સભ્યો ભોળાગિરિ ગોસ્વામી, વિપિન પંડ્યા, હિતેશભાઈ રાવલ, ભોજનદાતા શંકરસિંહ ગોહિલ, દશરથભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, જતિનભાઈ ખખ્ખર વગેરેએ જહેમત ઉઠાવી હતી.

માનવામાં આવે છે. અને ગાંધીનગરમાંથી દર વર્ષે ઘણા શ્રદ્ધાળુઓ જોડાય છે. ગાંધીનગરની કૈલાસ-માનસરોવર સેવા સમિતિની બેઠક તાજેતરમાં સેક્ટર-૨૧માં વૈજનાથ મહાદેવના મંદિરે યોજાઈ હતી. જેમાં આ પાવન યાત્રામાં જોડાનાર પ્રવાસીઓને જરૂરી સામગ્રીની કીટ, શ્રીફળ-સાકર, રૂદ્રાક્ષની માળા આપી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

ભારત સરકાર આયોજિત કૈલાસ માનસરોવરની યાત્રા માટે ડ્રો દ્વારા પ્રવાસીઓની પસંદગી કરવામાં આવે છે. આ ઉપરાંત ખાનગી ટુર આયોજકો દ્વારા નેપાળના રસ્તેથી યોજાતી યાત્રામાં પણ જોડાતા હોય છે. કૈલાસને



## આઈઆઈટીજી ખાતે એરોસ્પેસ મટિરિયલ્સ અંગે દસ દિવસીય સેમિનાર

'ગ્લોબલ ઈનિશિયેટિવ ઓફ એકેડેમિક નેટવર્કસ' - જીઆન' અંતર્ગત ગાંધીનગરની પાલજ ખાતેની આઈઆઈટીજી કેમ્પસમાં એરોસ્પેસ મટિરિયલ્સ અંગે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. દસ દિવસ ચાલનારા આ વર્કશોપમાં વિવિધ એરોસ્પેસ મટિરિયલ્સ પ્રદર્શિત કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં એરફોર્સના ગાંધીનગર ખાતેના સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ-સ્વાકના અધિકારીઓ વિદ્યાર્થીઓને વિવિધ વિષયે માર્ગદર્શન પુરૂ પાડશે. આ વર્કશોપનું ઉદ્દ્ઘાટન એર વાઈસ માર્શલ એ.કે. ગુપ્તાએ કર્યુ હતુ. તેમણે વિદ્યાર્થીઓને એરોસ્પેસ સામગ્રીઓ અંગે મહત્વપૂર્ણ માહિતી પુરી પાડી હતી.

# શિક્ષિત પરિવારોમાં વધતી ઘરેલુ હિંસા આઘાતજનક

### ગુજરાત મહિલા આયોગમાં માસિક ૩૦૦થી વધારે મહિલાઓ ફરિયાદ કરે છે જેમાં ૨૦૦થી પણ વધારે ઘરેલુ હિંસાની ફરિયાદ શિક્ષિત પરિવારોમાંથી થાય છે : ભણેલા ગણેલા જ કાયદાનું જ્ઞાન ધરાવતા જ પરિવારો કાયદાનું સતત ઉલ્લંઘન કરે છે

ગાંધીનગર, તા. ૧૨

વર્તમાન સમયમાં સભ્ય અને શિક્ષિત સમાજમાં ઘરેલુ હિંસાની ફરિયાદો વધુ પ્રમાણમાં થતી હોવાનું ધ્યાને આવ્યુ છે. જે ભણેલા-ગણેલા શિક્ષિત પરિવારો માટે શરમજનક ઘટના છે. આખા રાજ્યમાં ૧૦૦માંથી ૭૦ ટકા ફરિયાદો બીજાને ઉપદેશ આપનાર શિક્ષિત પરિવારના ઘરમાંથી જ બહાર આવે છે. ક્યાંક ને ક્યાંક શિક્ષિત અને સત્તાના પદો પર બેસનાર કાયદો જાણકાર જ કાયદાને દરરોજ તોડી રહ્યાં છે.

આધુનિક સમાજમાં સહનશક્તિનો સતત અભાવ દેખાઈ રહ્યો છે. વ્યક્તિઓ નજીવી બાબતે સામેવાળાને મારી નાંખવા પર ઉતારૂ બની જાય છે. યુવા પેઢી કોઈપણ વસ્તુ કે પરિસ્થિતિ કે મુશ્કેલી સહન નથી કરી શકતી. સતત નાગરિકો ડીપ્રેશનનો શિકાર બની રહ્યા છે. પરિણામે હિંસક થી ઘર પરિવારમાં જ હિંસાનું આચરણ કરી રહ્યા હોવાની ફરિયાદોમાં નોંધપાત્ર ઉછાળો થઈ રહ્યો છે.

ગાંધીનગર સ્થિત ગુજરાત રાજ્ય મહિલા આયોગમાં દર મહિને આખા રાજ્યમાંથી ૩૦૦થી વધારે ઘરેલુ હિંસાની ફરિયાદો થતી હોવાનો ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે. જે સમાજ પરિવાર માટે ચિંતાનો વિષય છે. વધારે આઘાતની વાત તો એ છે કે આ ૩૦૦ જેટલી ઘરેલુ હિંસાની ફરિયાદોમાં ૨૦૦થી વધારે ફરિયાદો શિક્ષિત, ભણેલા, નોકરીયાત પરિવારમાંથી સામે આવે છે. જેમાં કેટલાક કિસ્સામાં તો હિંસા કરનાર ખુદ નોકરી ધંધા કે પોતાના કાર્યક્ષેત્રમાં દરરોજ હજારો લોકોને ઉપદેશ આપતો હોવાનું પણ પ્રકાશમાં આવ્યુ છે. સામાન્ય રીતે ઘરના કામકાજ, દહેજ અને માનસિક સતામણી, અપ્રમાણ શિક્ષણ, અસામાન આર્થિક પરિસ્થિતિ સામાજિક કુરૂઢિઓ, લગ્નેતર સંબંધો, વ્યસન જેવા સંજોગો ઘરેલુ હિંસાનું કારણ સાબિત થાય છે.

રાજ્ય મહિલા આયોગને દર મહિને ૩૦૦થી પણ વધારે આવી હિંસાની ફરિયાદો મળે છે. જેમાં મહિલા આયોગ સતત કાઉન્સીલીંગ કરી ૯૫ ટકા કેસોમાં સમાધાન કરાવી પોતાની ફરજ અદા કરે છે. પરંતુ શિક્ષિત સમાજ ક્યારે ઘરેલુ હિંસા મામલે સભાન બનશે તે વિચારવુ રહ્યું.

# જિલ્લામાં વન મહોત્સવ દરમિયાન ૨૨ લાખથી વધુ રોપાઓનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર વન સંરક્ષકની કચેરી દ્વારા ૬૯ મા વન મહોત્સવની ઉજવણીનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. આ વન મહોત્સવ દરમ્યાન વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર થાય અને તેનો ઉછેર થાય તે દિશામાં પણ નક્કર આયોજન કરવામાં આવ્યું છે. ૬૯મા વન મહોત્સવ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં નાયબ વન સંરક્ષકની કચેરી દ્વારા ૧૦૯૯ હેકટર વિસ્તારમાં ૮.૭૮ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવશે. તેમજ જિલ્લામાં ૨૨ લાખથી વધુ રોપાઓનું નિઃ શુલ્ક વિતરણ થનાર છે, તેને ૩૧ નર્સરીમાં તૈયાર કરી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લા નાયબ વન સંરક્ષક શ્રી અતુલ અમીનએ જણાવ્યું છે કે, રાજયમાં દર વર્ષે વન મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષે ૬૯મા વન મહોત્સવની ઉજવણી થનાર છે. આ વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર તાલુકામાં કુલ- ૧૨ લાખ રોપાઓનું વિતરણ કરવામાં આવશે.